આંગણવાડી કાર્યકર બહેનોને ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ ફિડીંગ **(I.Y.C.F.)**ની તાલીમનું આયોજન કરવાની સત્તા જિલ્લા કક્ષાએ આપવા બાબત.

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/NIE/e-file/23/2024/0020/B (ICDS)**

બ્લોક નં. : ૯/૮, સરદારભવન

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) વિભાગના તા. ૦૪/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: **WCDD/NIE/e-file/23/2024/0020/B (ICDS)**

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૪/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: **ICDS/TRG/e-file/257/2023/0559/TAI**

<u>પ્રસ્તાવના:</u>

ઉક્ત સંદર્ભિત પત્ર (૧)થી આઈ.સી.ડી.એસ. સેવા યોજના અંતર્ગત સમાજમાં સ્તનપાન અને પૂરક આહાર વિષે જ્ઞાન વધારવા, ખોટી ધારણાઓ અંગે ગેરસમજણ દૂર કરવા અને સ્તનપાન અંગેની પૂરતી જાગૃતિ અને સંપૂર્ણ માહિતીથી આંગણવાડી કાર્યકરોને સંપૂર્ણ સજ્જ કરવા માટે બિન આદિજાતી જિલ્લા/કોર્પોરેશનમાં ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ ફિડીંગ**(I.Y.C.F.)**ની તાલીમની વહીવટી મંજૂરી આપેલ છે.

આંગણવાડી કાર્યકર બહેનોને ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ ફિડીંગ **(I.Y.C.F.)** ની તાલીમ માટે ૧. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ **(IIPHG)**, ગાંધીનગર અને ૨. સમાજકાર્ય વિભાગ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ એ સહમતિ દર્શાવેલ છે. વંચાણે લીધા પત્ર (૨) થી કમિશ્નરશ્રી, મ. અને બા.વિ.ની કચેરી દ્વારા તાલીમ કેન્દ્ર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ **(IIPHG)**, ગાંધીનગરને સંલગ્ન જિલ્લાઓ ગાંધીનગર ગ્રામ્ય, ગાંધીનગર કોર્પોરેશન, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ કોર્પોરેશન, દેવભૂમિ દ્વારકા, જામનગર કોર્પોરેશન અને સમાજકાર્ય વિભાગ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજને સંલગ્ન કચ્છ જિલ્લામાં તે તાલીમ કેન્દ્ર મારફતે તથા તે સિવાયના અન્ય જિલ્લામાં જિલ્લા કક્ષાએ જ સંબંધિત પ્રોગ્રામ ઓફિસર/બાળ વિકાસ યોજના અધિકારી તાલીમ કાર્યક્રમ ગોઠવે તે મુજબની સત્તા આપવા જરૂરી દરખાસ્ત કરેલ છે. આથી સંદર્ભિત ઠરાવ(૧)માં જરૂરી સુધારા કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ :</u>

આથી પુખ્ત વિચારણાના અંતે આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકર બહેનોને ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ ફિડીંગ **(I.Y.C.F.)**ની તાલીમ માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ **(IIPHG)**, ગાંધીનગરમાં તેને સંલગ્ન જિલ્લાઓ ગાંધીનગર ગ્રામ્ય, ગાંધીનગર કોર્પોરેશન, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ કોર્પોરેશન, દેવભૂમિ દ્વારકા, જામનગર કોર્પોરેશન અને સમાજકાર્ય વિભાગ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજને સંલગ્ન કચ્છ જિલ્લામાં તે તાલીમ કેન્દ્ર મારફતે તથા તે સિવાયના અન્ય જિલ્લામાં જિલ્લા કક્ષાએ જ સંબંધિત પ્રોગ્રામ ઓફિસર/બાળ વિકાસ યોજના અધિકારી તાલીમ કાર્યક્રમ ગોઠવે તે મુજબની નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો :</u>

૧. મંજૂર બજેટ જોગવાઈને આધિન બેચ દીઠ નિયત થયેલ ખર્ચ કરવાનો રહેશે.

૨. સંબંધિત કચેરીએ નિયત સંખ્યામાં તાલીમાર્થીઓ તાલીમ મેળવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩. સદર તાલીમ કાર્યક્રમનું સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને આધિન સુચારૂ આયોજન થાય અને તાલીમ સમયસર પૂર્ણ થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૪. સદર તાલીમનું મોનિટરીંગ કમિશ્નરશ્રી(આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા કરવાનું રહેશે તથા જરૂર પડ્યે સદર તાલીમ બાબતે સંબંધિત પ્રોગ્રામ ઓફિસર/બાળ વિકાસ યોજના અધિકારીને માર્ગદર્શન આપવાનું રહેશે.

આ સિવાયની વિભાગના તા: ૦૪/૦૩/૨૦૨૪ના ઠરાવની જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૮/૦૬/૨૦૨૪ અને નાણા વિભાગની તા. ૧૦/ ૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.07.16 13:09:35 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(ડી.યુ.ગોસાઇ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૮. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૯. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી
૧૧. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
૧૨. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી
૧૩. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી
૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૧૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
૧૭. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ
૧૮. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.
૧૯. સિલેક્ટ ફાઈલ.